# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૦૨-૦૯-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## પ્રધાનમંત્રી-સદસ્યતા અભિયાન :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારતીય જનતા પાર્ટીના સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરાવશે.ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા પ્રધાનમંત્રીને તેમના સભ્યપદનું નવું પ્રમાણપત્ર આપતાં જ આ અભિયાનનો પ્રારંભથશે.ભાજપના તમામ વર્તમાન સભ્યોએ પોતાનું સભ્યપદ ફરી લેવું પડશે. પાર્ટીના સંવિધાન અનુસાર, દર પાંચથી છ વર્ષ સદસ્યતા અભિયાન ચલાવવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે,આજથી શરૂ થનારું ભાજપનું આ અભિયાન 10 નવેમ્બર સુધી વિવિધ તબક્કામાં પૂર્ણ થશે.જ્યારે પહેલા તબક્કો 25 સપ્ટેમ્બરે પૂર્ણ થશે.લોકો મિસ્ડ-કૉલ આપીને અથવા પાર્ટીની વેબસાઈટ પર અથવા અન્ય ડિજિટલ માધ્યમોથી સભ્યપદ લઈ શકે છે.

**RNU અમદાવાદ**

---

## મુખ્યમંત્રી-માર્ગ મરંમત:

રાજ્યભરમાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા તાલુકા, શહેર અને ગામોને જોડતા નાના-મોટા રોડ/રસ્તાઓ ઉપર પાણી ભરાવાના કારણે રસ્તાઓને નુકશાન

થયું છે.નાગરિકોને યાતાયાતની સુવિધામાં કોઈપણ પ્રકારની તકલીફના પડે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ કામગીરી સત્વરે પૂર્ણ કરવા આદેશો આપ્યા છે,જેના ભાગરૂપે માર્ગમકાન વિભાગ દ્વારા અસર પામેલ માર્ગોના મરામતની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરાઈ છે.

**દુરદર્શન સમાચાર**

---

## શ્રાવણી અમાસ :

આજે શ્રાવણ માસનો અંતિમ દિવસ સોમવતી અમાસનું પવિત્ર પર્વ છે.આજે સવારથી જ જિલ્લાનાં દરેક ગામશહેરના- શિવાલયો અને મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.જીલ્લા મથક ભુજ નજીક આવેલ ઐતિહાસિક પ્રાચીન એવા સુરલ ભીટ ખાતે વહેલી સવારથી ભાવિકોની ભીડ જામી છે.તો બંદરીય શહેર માંડવીના સાગર કિનારા નજીક આવેલા ધ્રબુડી તીર્થ ખાતે પણ સવારથી મેળો ભરાયો છે.બીજી તરફ જૈનોનાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિતે વિવિધ કાર્યક્રમોથી વાતાવરણ ધર્મમય બન્યું છે.

**ચંદ્રવદન પટ્ટણી**

---

## કચ્છ-આરોગ્ય કામગીરી :

**કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી પડેલા ભારે વરસાદ બાદ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો ન ફેલાય તેની સાવચેતીના ભાગરૂપે કચ્છ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.આરોગ્ય વિભાગ દ્વારા ૩૫૦થી વધુ ટીમો બનાવવામાં આવી છે.જિલ્લા કલેક્ટર અમિત અરોરાની**

**સૂચના મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રવિન્દ્ર ફૂલમાલીના દિશાનિર્દેશ અનુસાર દરેક તાલુકામાં તાલુકા આરોગ્ય અધિકારીને ફરજ સોંપવામાં આવી છે.**

**જે અંતર્ગત શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યકર્મીઓ દ્વારા ઘરે-ઘરે જઈને પાણીની તપાસ કરવામાં આવે છે.કચ્છ જિલ્લામાં આરોગ્ય વિભાગના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સબ સેન્ટરનો સ્ટાફ વિવિધ ગામડાંઓની મુલાકાત લઈને નાગરિકોને આરોગ્યલક્ષી સૂચનાઓ આપીને ગામના પીવાના પાણીના ટાંકામાં યોગ્ય ક્લોરિનેશન થાય તે બાબતને સુનિશ્ચિત કરી રહ્યો છે.**

**માહિતી ખાતું**

---

## કચ્છ અસરગ્રસ્ત સહાય :

કચ્છ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત લોકોને કુલ રૂ. ૬,૪૭,૯૨૦ રકમની કેશડોલ્સ ચૂકવી દેવામાં આવી છે.આ ઉપરાંત ગ્રામ્ય અને શહેરોમાં ૬૭૦ અસરગ્રસ્ત પરિવારોને રૂ.૨૧.૧૭ લાખની ઘરવખરી સહાય ચૂકવવામાં આવી છે.તમામ લાભાર્થીઓને DBT મારફતે સીધી બેન્ક ખાતામાં સહાયની ચુકવણી કરવામાં આવેલી છે.

**માહિતી ખાતું**

---

## ગાંધીધામ-સી.એસ પરીક્ષામાં રાષ્ટ્રમાં દ્વિતીય :

ગાંધીધામની અગ્રવાલ સમાજની અનુષા પ્રવીણ બંસલએ કંપની સેક્રેટરીની પરીક્ષામાં સમગ્ર ભારતભરમાં બીજો નંબર પ્રાપ્ત કરી સમાજ અને પરિવારને ગૌરવ અપાવ્યું છે.આ સિદ્ધિ બદલ અનુષાને  પરિવારના સભ્યો, મિત્રવર્તુળમાંથી ઉપરાંત ઠેર-ઠેરથી અભિનંદન મળતાં હોવાનું યાદીમાં જણાવાયું છે.

**NP-જાગૃતિ વકીલ**

-------------------------------------------------------------------------------------------

## AVMB –રાષ્ટ્રીય શાળા પુરસ્કાર :

અદાણી વિદ્યામંદિર ભદ્રેશ્વરને નવી દિલ્હી ખાતે આયોજીત રાષ્ટ્રીય શાળા પુરસ્કાર- 2024ના એવોર્ડ સમારંભમાં બેસ્ટ ડે-બોર્ડિંગ સ્કૂલ એવોર્ડ એનાયત થયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે,રાષ્ટ્રીય સ્તરે નાના વિસ્તારના શિક્ષણવિદો અને શાળાઓમાં સ્પર્ધાત્મક ભાવના જન્મે અને તેઓ શ્રેષ્ઠત્તમ પ્રદર્શન કરી શકે તેવો આ એવોર્ડનો ઉમદા હેતુ છે.વિદ્યાર્થીઓને આગળ લાવવા અદાણી વિદ્યામંદિરના શિક્ષકો કટિબદ્ધ અને સતત પ્રયત્નશીલ છે.તેઓ બાળકોને શ્રેષ્ઠ માર્ગદર્શન અને શિક્ષણ પૂરું પાડે છે.જે સંદર્ભમાં તેમને આ એવોર્ડ મળેલ છે.

**માહિતી ખાતું**

-------------------------------------------------------------------------------------------

## મુન્દ્રા-ભૂખી નદીમાં યુવક તણાયો :

કચ્છમાં સાર્વત્રિક વરસાદ બાદ નદી-તળાવમાં નવા નીરની આવક થઇ છે ત્યારે મુન્દ્રા તાલુકાના પ્રાગપરથી સોઢા કેમ્પ વચ્ચે આવેલી ભૂખી નદીમાં નાહવા પડેલા મોટા કપાયા ગામના યુવકનું ડૂબી જતાં મોત થયું છે.

**NP-જાગૃતિ વકીલ**

-------------------------------------------------------------------------------------------

## મકરંદ દવે નિધન :

રાજ્યના જાણીતા ઈતિહાસકાર મકરંદ મહેતા 93 વર્ષની  વયે નિધન થતાં શોકની લાગણી ફેલાઈ હતી.તેઓ ગુજરાત વિદ્યાસભા,ગુજરાત ઈતિહાસ પરિષદ,દર્શક

ઈતિહાસનિધિ સહિત સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા.અંગ્રેજી અને ગુજરાતીમાં 20થી વધુ પુસ્તક તથા રાજ્યના સામાજિક અને આર્થિક ઈતિહાસ પર શોધપત્રો પ્રકાશિત થયા હતા.કચ્છના દરિયાઈ વેપાર અને આફ્રિકાના વિકાસમાં કચ્છના ભાટિયાઓના યોગદાન અંગે સંશોધન કરી તેમણે પુસ્તકો અને શોધપત્રો લખ્યા હતા.ગુજરાતી-ભારતી ડાયસ્પોરામાં પણ તેમણે મહત્ત્વનું સંશોધન કર્યું હતું.કચ્છમાં યોજાતા ગુજરાત ઈતિહાસ પરિષદના દરેક અધિવેશનમાં અચૂક હાજરી આપી હતી. ગુજરાત ઈતિહાસ પરિષદ દ્વારા તેમેને શ્રદ્ધાંજલિ અપાઈ છે.

**NP-જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------------------------